
Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# વીતરાગ-વિજ્ઞાન પાઠમાળા

## ભાગ

## (૧)



श्री टोडरमल स्मारक भवन, जयपुर

प्रकाशक

पण्डित टोडरमल स्मारक ट्रस्ट

ए-४ बापूनगर, जयपुर ३०२०१५

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

सर्वाधिकार सुरक्षित
गुजराती :
प्रथम संस्करण : ५००० 
द्वितीय संस्करण : ३२०० (२२ अप्रेल १९८६ महावीर जयन्ती)
हिन्दी (प्रथम छह संस्करण) ५३,२००
कन्नड़ (प्रथम दो संस्करण) ४,०००
मराठी (प्रथम दो संस्करण) १०,०००
अंग्रेजी (प्रथम संस्करण) ५,०००
योग ८०,४००

मूल्य : एक रुपया

मुद्रक :
सिटीजन प्रिंटर्स
1813 चन्द्रवल रोड़,
दिल्ली 110007

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## Thanks & Our Request

This shastra has been kindly donated by Dakshaben Sanghvi, Geneva, Switzerland who has paid for it to be "electronised" and made available on the internet.

Our request to you:

1) Great care has been taken to ensure this electronic version of Vitraag Vignaan Pathmala Part 1 (Gujarati) is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

## Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 26 April 2009 | First electronic version |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

[ શ્રી ટોડરમલ ગ્રન્થમાળા પુષ્પ નં. ૧૬ ]

# વીતરાગ-વિજ્ઞાન પાઠમાળા

## ભાગ ૧

લેખક–સમ્પાદક :

**પં૦ હુકમચન્દ ભારિલ્લ**

શાસ્ત્રી, ન્યાયતીર્થ, એમ૦ એ૦, સાહિત્યરત્ન

સંયુક્તમંત્રી, શ્રી ટોડરમલ સ્મારક ભવન, જયપુર

ગુજરાતી અનુવાદક :

**બ્ર. વ્રજલાલ ગિરધરલાલ શાહ**

બી. એ. ( ઓનર્સ ), એસ. ટી. સી., રાષ્ટ્રભાષારત્ન.

प्रकाशक :

**पण्डित टोडरमल स्मारक ट्रस्ट**

ए-४, बापूनगर, जयपुर – ३०२०१५

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પાઠ પહેલો

# દેવ-સ્તુતિ

પં. દૌલતરામજી

## દર્શન સ્તુતિ

દોહા

સકળ જ્ઞેય જ્ઞાયક તદપિ, નિજાનંદ રસ લીન;
સો જિનેન્દ્ર જયવંત નિત, અરિ[1]રજ[2]રહસ[3] વિહીન. ૧.

પદ્ધરિ છંદ


જય વીતરાગ વિજ્ઞાનપૂર,
જય મોહતિમિરકો હરન સૂર;
જય જ્ઞાન અનંતાનંત ધાર,
દગસુખ વીરજમંડિત અપાર. ૨.

જય પરમશાંત મુદ્રા સમેત,
ભવિજનકો નિજ અનુભૂતિ હેત;
ભવિ ભાગન વચજોગે વશાય,
તુમ ધુનિ હ્વૈ સુનિ વિભ્રમ નશાય. ૩.

તુમ ગુણચિંતત નિજપર વિવેક,
પ્રગટૈ વિઘટૈ આપદ અનેક;
તુમ જગભૂષણ દૂષણવિયુક્ત,
સબ મહિમાયુક્ત વિકલ્પમુક્ત ૪

૧. મોહનીય, ૨ જ્ઞાનાવરણ, દર્શનાવરણ, [ અંતરાય.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જિનેન્દ્રદેવની સ્તુતિ કરતાં પં. દૌલતરામજી કહે છે કે—હે જિનેન્દ્રદેવ! આપ સમસ્ત જ્ઞેયોના (લોકાલોકના) જ્ઞાતા હોવા છતાં પણ પોતાના આત્માના આનંદમાં લીન રહો છો. ચાર ઘાતી કર્મ જેનાં નિમિત્ત છે એવા મોહ-રાગ-દ્વેષ, અજ્ઞાન આદિ વિકારોથી રહિત છો–હે પ્રભુ! આપનો નિરંતર જય હો. ૧.

આપ મોહ–રાગ–દ્વેષરૂપ અંધકારનો નાશ કરનાર વીતરાગી સૂર્ય છો. અનંત જ્ઞાન ધારણ કરનાર છો, તેથી પૂર્ણજ્ઞાની (સર્વજ્ઞ) છો તથા અનંત દર્શન, અને અનંત સુખ અને અનંત વીર્યથી પણ સુશોભિત છો, હે પ્રભુ! આપનો જય હો. ૨.

આપની પરમ શાંત મુદ્રા ભવ્ય જીવોને આત્માનુભૂતિ પ્રાપ્ત કરવાનો હેતુ છે. હે પ્રભુ! આપનો જય હો! ભવ્ય જીવોના ભાગ્યથી અને આપના વચનયોગથી આપની દિવ્યધ્વનિ થાય છે, તેનું શ્રવણ કરીને ભવ્ય જીવોનો ભ્રમ નાશ પામી જાય છે. ૩.

આપના ગુણોનું ચિન્તવન કરવાથી સ્વ અને પરનું ભેદવિજ્ઞાન થઈ જાય છે અને મિથ્યાત્વ દશામાં થનારી અનેક આપત્તિઓ (વિકારો) નાશ પામી જાય છે. આપ સમસ્ત દોષોથી રહિત છો, સર્વ વિકલ્પોથી મુક્ત છો, સર્વ પ્રકારના મહિમા ધારણ કરનાર જગતના ભૂષણ (જગતને સુશોભિત કરનાર) છો. ૪.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અવિરુદ્ધ શુદ્ધ ચેતન સ્વરૂપ,
પરમાત્મ પરમ પાવન અનૂપ;
શુભ અશુભ વિભાવ અભાવ કીન,
સ્વાભાવિક પરિણતિમય અછીન. ૫.

અષ્ટાદશ દોષ વિમુક્ત ધીર,
સચતુષ્ટયમય રાજત ગંભીર;
મુનિગણધરાદિ સેવત મહંત,
નવ કેવલ લબ્ધિરમા ધરંત. ૬.

તુમ શાસન સેય અમેય જીવ,
શિવ ગયે જાહિં જૈહૈં સદીવ;
ભવસાગરમેં દુખ છાર વારિ,
તારનકો ઔર ન આપ ટારિ. ૭.

યહ લખિ નિજ દુખગદ હરણ કાજ;
તુમ હી નિમિત્ત કારણ ઇલાજ;
જાને તાતૈં મૈં શરણ આય,
ઉચરોં નિજ દુખ જો ચિર લહાય. ૮.

મૈં ભ્રમ્યો અપનપો વિસરિ આપ,
અપનાયે વિધિ ફલ પુણ્ય પાપ;
નિજકો પરકો કરતા પિછાન,
પરમેં અનિષ્ટતા ઇષ્ટ ઠાન. ૯.

આકુલિત ભયો અજ્ઞાન ધારિ,
જ્યોં મૃગ મૃગતૃષ્ણા જાનિ વારિ;
તન પરિણતિમેં આપો ચિતાર,
કબહૂઁ ન અનુભવો સ્વપદસાર. ૧૦.

તુમકો બિન જાને જો કલેશ,
પાયે સો તુમ જાનત જિનેશ;
પશુ નારક નર સુરગતિ મંઝાર,
ભવ ધર ધર મર્યો અનંત બાર. ૧૧.

હે પરમાત્મા, આપ સમસ્ત ઉપમાઓથી રહિત પરમ પવિત્ર શુદ્ધ ચેતન (જ્ઞાન–દર્શન) મય છો. આપનામાં કોઈ પણ પ્રકારનો વિરોધ ભાવ નથી. આપે શુભ અને અશુભ બન્ને પ્રકારના વિકારી ભાવોનો અભાવ કર્યો છે અને સ્વાભાવિક પરિણતિથી સહિત થઈ ગયા છો તેથી કદી પણ ક્ષીણ દશાને પામવાના નથી. ૫.

આપ અઢાર દોષોથી રહિત છો અને અનંત ચતુષ્ટય યુક્ત બિરાજમાન છો. કેવળજ્ઞાનાદિ નવ પ્રકારના ક્ષાયિકભાવ ધારણ કરનાર હોવાથી મહાન મુનિ અને ગણધર દેવાદિ આપની સેવા કરે છે. ૬.

આપના બતાવેલા માર્ગે ચાલીને અનંત જીવ મુક્ત થઈ ગયા છે, થઈ રહ્યા છે અને હંમેશાં થતા રહેશે. આ સંસારરૂપી સમુદ્રમાં દુઃખરૂપી અથાહ ખારું પાણી ભરેલું છે. આપના સિવાય બીજું કોઈપણ એનાથી પાર ઉતારી શકે તેમ નથી. ૭.

આ ભયંકર દુઃખ દૂર કરવામાં નિમિત્ત કારણ આપ જ છો, એમ જાણીને હું આપના શરણે આવ્યો છું અને હું અનંતકાળથી દુઃખ પામ્યો છું તે આપને જણાવી રહ્યો છું. ૮.

હું મારા જ્ઞાનસ્વભાવી આત્માને ભૂલીને પોતાની જાતે જ સંસારમાં ભ્રમણ કરી રહ્યો છું અને મેં કર્મોનાં ફળ પુણ્ય–પાપને અપનાવી લીધાં છે. પોતાને પરનો કર્તા માની લીધો છે અને પરને પોતાનો કર્તા માની લીધો છે. પરપદાર્થોમાંથી કેટલાકને ઇષ્ટ માની લીધા છે અને કેટલાકને અનિષ્ટ માની લીધા છે. પરિણામે અજ્ઞાન ધારણ કરીને પોતે જ આકુળ થયો છું. જેવી રીતે હરણ મૃગજળને વશ થઈને રેતીને પાણી સમજીને પોતાના અજ્ઞાનથી જ દુઃખી થાય છે. શરીરની દશાને જ પોતાની દશા માનીને પોતાના પદ (આત્મ-સ્વભાવ) નો અનુભવ કદી કર્યો નથી. ૯–૧૦.

હે જિનેશ! આપને ઓળખ્યા વિના હું જે દુઃખ પામ્યો છું તે આપ જાણો જ છો. તિર્યંચ ગતિ, નરક ગતિ, મનુષ્ય ગતિ અને દેવ ગતિમાં ઉત્પન્ન થઈને અનંતવાર મરણ કર્યું છે. ૧૧.

અબ કાલલબ્ધિ બલતૈં દયાલ,
તુમ દર્શન પાય ભયો ખુશાલ;
મન શાંત ભયો મિટિ સકલ દ્વંદ,
ચાખ્યો સ્વાતમરસ દુખ નિકંદ. ૧૨.

તાતૈં અબ ઐસી કરહુ નાથ,
બિછુરૈ ન કભી તુવ ચરણ સાથ;
તુમ ગુણગણકો નહિં છેવ દેવ,
જગ તારનકો તુવ વિરદ એવ. ૧૩.

આતમકે અહિત વિષય કષાય,
ઇનમેં મેરી પરિણતિ ન જાય;
મૈં રહૂં આપમેં આપ લીન,
સો કરો હોઉં જ્યોં નિજાધીન. ૧૪.

મેરે ન ચાહ કછુ ઔર ઈશ,
રત્નત્રયનિધિ દીજે મુનીશ;
મુઝ કારજકે કારન સુ આપ,
શિવ કરહુ હરહુ મમ મોહ તાપ. ૧૫.

શશિ શાંતિકરન તપહરન હેત,
સ્વયમેવ તથા તુમ કુશલ દેત;
પીવત પીયૂષ જ્યોં રોગ જાય,
ત્યોં તુમ અનુભવતૈં ભવ નશાય. ૧૬.

ત્રિભુવન તિહુંકાલ મંઝાર કોય,
નહિ તુમ બિન નિજ સુખદાય હોય;
મો ઉર યહ નિશ્ચય ભયો આજ,
દુખ જલધિ ઉતારન તુમ જહાજ. ૧૭.

દોહા

તુમ ગુણગણમણિ ગણપતિ, ગણત ન પાવહિં પાર;
'દૌલ' સ્વલ્પમતિ કિમ કહે, નમૂં ત્રિયોગ સંભાર. ૧૮.

---

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

હવે કાળલબ્ધિ આવતાં આપનાં દર્શન પ્રાપ્ત થયાં છે, તેથી મને ઘણી જ પ્રસન્નતા છે. મારું અંતર્દ્વન્દ્વ સમાપ્ત થઈ ગયું છે અને મારું મન શાન્ત થઈ ગયું છે. મેં દુઃખોનો નાશ કરનાર આત્માના અનુભવરૂપી રસ ચાખી લીધો છે. ૧૨.

તેથી હે નાથ! હવે એવું કરો કે જેથી આપનાં ચરણોનો વિયોગ ન થાય. તાત્પર્ય એ છે કે જે માર્ગ (આચરણ) દ્વારા આપ પૂર્ણ સુખી થયા છો, હું પણ તે જ પ્રાપ્ત કરું. હે દેવ! આપના ગુણોનો તો કોઈ અંત નથી અને સંસારથી પાર ઉતારવાનું તો આપનું બિરુદ જ છે. ૧૩.

આત્માનું અહિત કરનાર, પાંચ ઇન્દ્રિયના વિષયોમાં લીનતા અને કષાય છે. હે પ્રભુ! હું ઇચ્છું છું કે એના તરફ મારું વલણ ન જાય. હું તો મારામાં જ લીન રહું, જેથી હું પૂર્ણ સ્વાધીન બની જાઉં. ૧૪.

મારા હૃદયમાં બીજી કોઈ ઇચ્છા નથી, બસ એક રત્નત્રયરૂપ નિધિ જ પ્રાપ્ત કરવા ઇચ્છું છું. મારા હિતરૂપી કાર્યનું નિમિત્ત કારણ આપ જ છો. મારો મોહ-તાપ નષ્ટ થઈને મારું કલ્યાણ થાય એ જ ભાવના છે. ૧૫.

જેવી રીતે ચંદ્ર પોતાથી જ ગરમી ઓછી કરીને શીતળતા આપે છે, તેવી જ રીતે આપની સ્તુતિ કરવાથી સ્વયમેવ આનંદ પ્રાપ્ત થાય છે. જેમ અમૃત પીવાથી રોગ ચાલ્યો જાય છે તેવી જ રીતે આપનો અનુભવ કરવાથી સંસારરૂપી રોગ ચાલ્યો જાય છે. ૧૬.

ત્રણ લોકમાં અને ત્રણ કાળમાં આપના સમાન સુખદાયક (સન્માર્ગ-દર્શક) બીજું કોઈ નથી. એવો આજે મને નિશ્ચય થઈ ગયો છે કે આપ જ દુઃખરૂપી સમુદ્રથી પાર ઉતારનાર જહાજ છો. ૧૭.

આપના ગુણોરૂપી મણિઓને ગણવામાં ગણધરદેવ પણ સમર્થ નથી તો પછી હું (દૌલતરામ) અલ્પ બુદ્ધિવાળો તેનું વર્ણન કેવી રીતે કરી શકું? તેથી હું આપને મન, વચન અને કાયાની સંભાળ પૂર્વક વારંવાર નમસ્કાર કરું છું. ૧૮.

**પ્રશ્ન—**

૧ ઉપરોક્ત સ્તુતિની કોઈ પણ બે કડી તમને ગમતી હોય તે લખો. તમને તે શા માટે ગમે છે તેનું કારણ પણ બતાવો.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

પાઠ બીજો

# આત્મા અને પરમાત્મા

## મુનિરાજ યોગીન્દુ

(વ્યક્તિત્વ અને કર્તૃત્વ)

અપભ્રંશના મહાકવિ અધ્યાત્મવેત્તા યોગીન્દ્રદેવના જીવન-વિષયમાં વિશેષ જાણકારી હજી સુધી મળી નથી. તેમના નામનો પણ કેટલાય (જુદા જુદા) પ્રકારે ઉલ્લેખ મળે છે, જેમ કે યોગીન્દુ, યોગીન્દ્ર. પણ અપભ્રંશના जोइन्दु નો સંસ્કૃત અનુવાદ યોગીન્દુ વધારે બંધબેસતો છે, યોગીન્દ્ર નહિ.

યોગીન્દુના સમય વિષે પણ જુદા જુદા મત છે. એમનો સમય છઠ્ઠી શતાબ્દીથી માંડીને અગ્યારમી શતાબ્દી સુધી માનવામાં આવે છે.

તેમના દ્વારા બનાવવામાં આવેલા પરમાત્મપ્રકાશ (પરમપ્પયાસુ) અને યોગસાર (જોગસારુ) જ તેમની કીર્તિના અક્ષય ભંડાર છે.

ઉપરોક્ત ગ્રન્થોમાં તેમણે અધ્યાત્મનાં ગૂઢ તત્ત્વોને સહજ અને સરલ લોકભાષામાં જનતા સમક્ષ મૂક્યાં છે.

તેમના ગ્રન્થો ઉપર શ્રી કુન્દકુન્દનો પ્રભાવ સ્પષ્ટ (-પણે પડ્યો હોય તેમ) જણાય છે. યોગીન્દુએ શ્રી કુન્દકુન્દ પાસેથી ઘણું લીધું છે. શ્રી પૂજ્યપાદના 'સમાધિશતક' અને શ્રી યોગીન્દુના 'પરમાત્મપ્રકાશ' માં પણ ઘનિષ્ટ સમાનતા દેખાય છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## આત્મા અને પરમાત્મા

પ્રભાકર—હે ગુરુદેવ! આત્મા અને પરમાત્માનું સ્વરૂપ શું છે? તે કૃપા કરીને સમજાવો. કેમકે કાલે આપે કહ્યું હતું કે આ આત્મા પોતાનું સ્વરૂપ ભૂલીને દુઃખી થઈ રહ્યો છે.

યોગીન્દુદેવ—હે પ્રભાકર ભટ્ટ! આત્માને સમજવાની ઇચ્છા તમારા જેવા મુમુક્ષુને જ થાય છે. જેણે ચૈતન્યસ્વરૂપ આત્માની વાત પ્રસન્ન ચિત્તથી સાંભળી છે તે અલ્પકાળમાં જ પરમાત્મ-પદની પ્રાપ્તિ કરશે. આત્મજ્ઞાનના જેવું બીજું કાંઈ સાર (ઉત્કૃષ્ટ) નથી.

જ્ઞાન-સ્વભાવી જીવતત્ત્વને જ આત્મા કહે છે. અવસ્થાની અપેક્ષાએ તે ત્રણ પ્રકારનો છે:-

૧ બહિરાત્મા

૨. અંતરાત્મા

૩. પરમાત્મા.

પ્રભાકર—બહિરાત્મા કોને કહે છે?

યોગીન્દુદેવ—શરીરને આત્મા માનનાર તથા અન્ય પદાર્થોમાં પોતા-પણું અને રાગાદિમાં હિતકરપણું માનનાર અથવા શરીર અને આત્માને એક માનનાર જીવ જ બહિરાત્મા છે. તે અજ્ઞાની (મિથ્યાદષ્ટિ) છે.

આત્મા સિવાયના બીજા બાહ્ય પદાર્થોમાં આત્માપણું (પોતાપણું) માનવાને કારણે જ એ બહિરાત્મા કહેવાય છે. અનાદિકાળથી આ આત્મા શરીરની ઉત્પત્તિમાં જ પોતાની ઉત્પત્તિ અને શરીરના નાશમાં જ પોતાનો નાશ તથા શરીર સાથે સંબંધ રાખનારાઓને પોતાના માની રહ્યો છે. જ્યાં સુધી આ ભૂલ ન નીકળે ત્યાં સુધી જીવ બહિરાત્મા અર્થાત્ મિથ્યાદષ્ટિ છે.

પ્રભાકર—"બહિરાત્માપણું છોડવું જોઈએ" એ તો ઠીક પણ......

યોગીન્દુદેવ—બહિરાત્મપણું છોડીને અંતરાત્મા બનવું જોઈએ.

જે જીવ ભેદવિજ્ઞાનના બળથી આત્માને દેહાદિથી ભિન્ન જ્ઞાન અને આનંદસ્વભાવી જાણે છે, માને છે અને અનુભવે છે, તે જ્ઞાની (સમ્યગ્દૃષ્ટિ) આત્મા જ અંતરાત્મા છે. આત્મામાં જ આત્માપણું અર્થાત્ પોતાપણું માનવાને લીધે તથા આત્મા સિવાય બીજા કોઈમાં પણ પોતાપણાની માન્યતા છોડી દેવાને લીધે જ તે અંતરાત્મા કહેવાય છે. અંતરાત્મા ત્રણ પ્રકારના છે—

૧. ઉત્તમ અંતરાત્મા

૨. મધ્યમ અંતરાત્મા

૩. જઘન્ય અંતરાત્મા.

અંતરંગ અને બહિરંગ બન્ને પ્રકારના પરિગ્રહથી રહિત ઉત્કૃષ્ટ શુદ્ધોપયોગી ક્ષીણકષાયવાળા મુનિ (બારમા ગુણસ્થાનવર્તી) ઉત્તમ અંતરાત્મા છે. અવિરત સમ્યગ્દૃષ્ટિ (ચોથા ગુણસ્થાનવાળા) જઘન્ય અંતરાત્મા છે. ઉપરોક્ત બન્નેની વચ્ચેની દશાવાળા દેશવ્રતી શ્રાવક અને મુનિરાજ (પાંચમાથી અગિયારમા ગુણસ્થાનવર્તી) મધ્યમ અંતરાત્મા છે.

પ્રભાકર—અંતરાત્મા થવાથી શું લાભ છે?

યોગીન્દુદેવ—એ જ અંતરાત્મા ગૃહસ્થ અવસ્થાનો ત્યાગ કરીને, શુદ્ધોપયોગરૂપ મુનિ-અવસ્થા ધારણ કરીને, નિજ સ્વભાવ-સાધન દ્વારા પરમાત્મપદ પ્રાપ્ત કરે છે અર્થાત્ પરમાત્મા થઈ જાય છે અને એમને અનંત દર્શન, અનંત જ્ઞાન, અનંત સુખ અને અનંત વીર્ય પ્રકટ થઈ જાય છે. તાત્પર્ય એ છે કે એ જ અંતરાત્મા પોતાના પુરુષાર્થથી આગળ વધીને પરમાત્મા બને છે.

પ્રભાકર—પરમાત્મા થવાથી શું લાભ છે?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

યોગીન્દુદેવ—પ્રત્યેક જીવ સુખી થવા ઇચ્છે છે. પરમાત્મા પૂર્ણ નિરાકુળ હોવાથી અનંત સુખી છે.

પરમાત્મા બે પ્રકારના છે—(૧) સકલ પરમાત્મા, (૨) નિકલ પરમાત્મા.

ચાર ઘાતી કર્મોનો નાશ કરનાર શ્રી અરિહંત ભગવાન શરીર સહિત હોવાથી સકલ પરમાત્મા કહેવાય છે અને કર્મ રહિત સિદ્ધ ભગવાન શરીર રહિત હોવાથી નિકલ પરમાત્મા કહેવાય છે.

બહિરાત્મા સંસારમાર્ગી હોવાથી બહિરાત્મપણું સર્વથા હેય છે. અંતરાત્મા મોક્ષમાર્ગનો પથિક છે તેથી અંતરાત્મપણું કથંચિત્ ઉપાદેય છે અને પરમાત્મપણું અતીન્દ્રિય સુખમય હોવાથી સર્વથા ઉપાદેય છે.

તેથી બધાએ પુરુષાર્થપૂર્વક બહિરાત્મપણું છોડીને, અંતરાત્મા થઈને પરમાત્મા બનવાની ભાવના કરવી.

**પ્રશ્ન—**

૧. આત્મા કોને કહે છે? તે કેટલા પ્રકારના છે? બહિરાત્માનું સ્વરૂપ લખો.

૨. અંતરાત્માનું લક્ષણ અને ભેદ સ્પષ્ટ કરો.

૩. પરમાત્મા કોને કહે છે? સકલ અને નિકલ પરમાત્માની સ્પષ્ટતા કરો.

૪. મુનિરાજ યોગીન્દુના જીવન અને કવન ઉપર સંક્ષિપ્ત પ્રકાશ આપો.

---



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

## પાઠ ત્રીજો

# સાત તત્ત્વ

### આચાર્ય ગૃદ્ધપિચ્છ ઉમાસ્વામી
(વ્યક્તિત્વ અને કર્તૃત્વ)

**तत्त्वार्थसूत्रकर्त्तारं, गृद्धपिच्छोपलक्षितम् ।**
**वन्दे गणीन्द्रसंजातमुमास्वामीमुनीश्वरम् ॥**

ઓછામાં ઓછું લખીને વધારેમાં વધારે પ્રસિદ્ધિ મેળવનાર આચાર્ય ગૃદ્ધપિચ્છ ઉમાસ્વામીના તત્ત્વાર્થ સૂત્રથી જૈન સમાજ જેટલો વધારે પરિચિત છે, એમના જીવન પરિચય સંબંધમાં એટલો જ અપરિચિત છે.

એ કુન્દકુન્દાચાર્યના પટ્ટશિષ્ય હતા અને વિક્રમની પ્રથમ શતાબ્દીના અંતિમ કાળમાં તથા બીજી શતાબ્દીના પૂર્વાર્ધમાં ભારત-ભૂમિને પવિત્ર કરી રહ્યા હતા.

આચાર્ય ગૃદ્ધપિચ્છ ઉમાસ્વામી તે ગૌરવશાળા આચાર્યોમાંના એક છે કે જેમને સમગ્ર આચાર્ય પરંપરામાં પૂર્ણ પ્રામાણિકતા અને સન્માન મળેલું છે. જે મહત્ત્વ વૈદિકોમાં ગીતાને, ઈસાઈઓમાં બાઈબલને અને મુસલમાનોમાં કુરાનને આપવામાં આવે છે તે જ જૈન પરંપરામાં ગૃદ્ધપિચ્છ ઉમાસ્વામીના તત્ત્વાર્થ સૂત્રને મળેલું છે. એનું બીજું નામ મોક્ષશાસ્ત્ર પણ છે. એ સંસ્કૃત ભાષાનો સર્વ પ્રથમ જૈન ગ્રંથ છે.

પ્રસ્તુત ભાગ તત્ત્વાર્થ સૂત્રના આધારે લખવામાં આવ્યો છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

## સાત તત્ત્વ

પ્રવચનકાર–સંસારમાં સમસ્ત પ્રાણીઓ દુઃખી દેખાય છે અને તેઓ દુઃખથી બચવાનો ઉપાય પણ કરે છે, પરંતુ પ્રયોજનભૂત તત્ત્વોની સત્ય સમજણ અને શ્રદ્ધા વિના દુઃખ દૂર થતું નથી.

મુમુક્ષુ– આ પ્રયોજનભૂત તત્ત્વો શું છે કે જેના જ્ઞાન અને સાચી શ્રદ્ધા વિના દુઃખ દૂર થઈ શકતું નથી?

પ્રવચનકાર–દુઃખ દૂર કરવું અને સુખી થવું એ જ સાચું પ્રયોજન છે અને જે તત્ત્વોની સમ્યક્ શ્રદ્ધા અને જ્ઞાન વિના આપણું દુઃખ દૂર ન થઈ શકે અને આપણે સુખી ન થઈ શકીએ, તેને જ પ્રયોજનભૂત તત્ત્વ કહે છે. તત્ત્વ એટલે વસ્તુનું સાચું સ્વરૂપ. જે વસ્તુ જેવી છે, તેનો જે ભાવ તે જ તત્ત્વ છે.

તે તત્ત્વ સાત છે, જેમકે તત્ત્વાર્થ સૂત્રમાં આચાર્ય ગૃદ્ધપિચ્છ ઉમાસ્વામીએ કહ્યું છે–

"**जीवाजीवास्रवबंधसंवरनिर्जरामोक्षास्तत्त्वम्**" १ ॥ ॥ ४ ॥

જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ સાત તત્ત્વ છે.

પ્રશ્નકર્ત્તા– કૃપા કરીને સંક્ષેપમાં એનું સ્વરૂપ બતાવો.

પ્રવચનકાર–જ્ઞાન-દર્શન સ્વભાવી આત્માને જીવ તત્ત્વ કહે છે. જ્ઞાન-દર્શન સ્વભાવથી રહિત તથા આત્માથી ભિન્ન સમસ્ત દ્રવ્ય (પદાર્થ) અજીવ તત્ત્વ કહેવાય છે. પુદ્‌ગલાદિ સમસ્ત પદાર્થો અજીવ છે. આ શરીરાદિ સર્વ અજીવ પદાર્થોથી ભિન્ન ચેતન તત્ત્વ જ આત્મા છે. હું આત્મા છું, મારાથી ભિન્ન પુદ્‌ગલાદિ પાંચ દ્રવ્યો અજીવ છે,



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

સામાન્યપણે તો જીવ અને અજીવ બે જ તત્ત્વો છે. આસ્રવાદિ તો જીવ-અજીવના જ વિશેષ છે.

શંકાકાર– જો આસ્રવાદિ જીવ-અજીવના જ વિશેષ હોય તો એમને જુદા કેમ કહ્યા?

પ્રવચનકાર–અહીં તો મોક્ષનું પ્રયોજન છે. તેથી આસ્રવ આદિ પાંચ પર્યાયરૂપ વિશેષ તત્ત્વ કહ્યા. તે સાતેયના યથાર્થ શ્રદ્ધાન વિના મોક્ષમાર્ગ બની શકતો નથી. કેમકે જીવ અને અજીવને જાણ્યા વિના સ્વ-પરનું ભેદવિજ્ઞાન કેવી રીતે થાય? મોક્ષને ઓળખ્યા વિના અને હિતરૂપ માન્યા વિના તેનો ઉપાય કેવી રીતે કરે? મોક્ષનો ઉપાય સંવર-નિર્જરા છે તેથી તેમને જાણવા પણ જરૂરી છે. આસ્રવનો અભાવ તે સંવર છે અને બંધનો એકદેશ અભાવ તે નિર્જરા છે, તેથી એને જાણ્યા વિના એને છોડીને સંવર-નિર્જરારૂપ કેવી રીતે પ્રવર્તે?

શંકાકાર– અમે તો પ્રવચનમાં સાંભળ્યું હતું કે આત્મા તો ત્રિકાળ શુદ્ધ, શુદ્ધાશુદ્ધ પર્યાયોથી પૃથક્ છે, તે જ આશ્રય કરવા યોગ્ય છે.

પ્રવચનકાર–ભાઈ, તે દ્રવ્ય-દૃષ્ટિના વિષયની વાત છે. આત્મદ્રવ્ય પ્રમાણદૃષ્ટિથી શુદ્ધાશુદ્ધ પર્યાયોથી યુક્ત છે.

જિજ્ઞાસુ –આ દ્રવ્ય-દૃષ્ટિ શું છે?

પ્રવચનકાર–સાત તત્ત્વોને યથાર્થ જાણીને, સમસ્ત પરપદાર્થ અને શુભાશુભ આસ્રવાદિ વિકારી ભાવ તથા સંવરાદિ અવિકારી ભાવોથી પણ પૃથક્ જ્ઞાનાનંદ સ્વભાવી, ત્રિકાળી ધ્રુવ આત્મતત્ત્વ જ દૃષ્ટિનો વિષય છે. આ દૃષ્ટિની અપેક્ષાએ કથન કરતાં પર, વિકાર અને ભેદને પણ ગૌણ કરીને માત્ર ત્રૈકાલિક જ્ઞાનસ્વભાવને આત્મા કહેવામાં આવે છે અને તેના આશ્રયથી જ ધર્મ (સંવર, નિર્જરા) પ્રકટે છે.

જે મોહ-રાગ-દ્વેષ ભાવોના નિમિત્તથી જ્ઞાનાવરણાદિ કર્મ આવે છે, તે મોહ-રાગ-દ્વેષ ભાવોને તો ભાવાસ્રવ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

કહે છે. તેના નિમિત્તથી જ્ઞાનાવરણાદિ કર્મોનું સ્વયં આવવું તે દ્રવ્યાસ્રવ છે.

એ જ રીતે આત્માનું, અજ્ઞાન, મોહ–રાગ–દ્વેષ, પુણ્ય–પાપ આદિ વિભાવ ભાવોમાં રોકાઈ જવું તે ભાવબંધ છે અને તેના નિમિત્તથી પુદ્ગલનું સ્વયં કર્મરૂપ બંધાવું તે દ્રવ્યબંધ છે.

શંકાકાર –પુણ્ય–પાપને બંધ સાથે કેમ જોડી દીધા ?

પ્રવચનકાર–ભાઈ, પુણ્ય અને પાપ આસ્રવ, બંધના જ પેટાભેદ છે. શુભરાગથી પુણ્યનો આસ્રવ અને બંધ થાય છે અને અશુભ રાગ, દ્વેષ અને મોહથી પાપનો આસ્રવ અને બંધ થાય છે. શુભ અને અશુભ બન્ને ય પ્રકારના રાગ અર્થાત્ પુણ્ય અને પાપ બન્નેય છોડવા યોગ્ય છે, કેમકે તે આસ્રવ અને બંધ તત્ત્વ છે.

પુણ્ય–પાપના વિકારી ભાવને (આસ્રવને) આત્માના શુદ્ધ (વીતરાગી) ભાવોથી રોકવા તે ભાવ-સંવર છે અને તદનુસાર નવાં કર્મોનું સ્વયં આવતાં અટકી જવું તે દ્રવ્ય-સંવર છે.

એ જ રીતે જ્ઞાનાનંદ-સ્વભાવી આત્માના લક્ષ્યના બળથી સ્વરૂપ-સ્થિરતાની વૃદ્ધિ દ્વારા આંશિક શુદ્ધિની વૃદ્ધિ અને અશુદ્ધ (શુભાશુભ) અવસ્થાનો અંશે નાશ કરવો તે ભાવ-નિર્જરા છે અને તેનું નિમિત્ત પામીને જડ કર્મનું અંશે ખરી જવું તે દ્રવ્ય-નિર્જરા છે.

પ્રશ્નકર્તા –અને મોક્ષ ?

પ્રવચનકાર–અશુદ્ધ દશાનો સર્વથા સમ્પૂર્ણ નાશ થઈને આત્માની પૂર્ણ નિર્મળ પવિત્ર દશાનું પ્રકટ થવું તે ભાવ-મોક્ષ છે અને નિમિત્ત કારણ દ્રવ્ય-કર્મનો સર્વથા નાશ (અભાવ) થવો તે દ્રવ્ય-મોક્ષ છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ઉપરોક્ત સાતે તત્ત્વોને સારી રીતે જાણીને અને સમસ્ત પરતત્ત્વો ઉપરથી દૃષ્ટિ ખસેડીને પોતાના આત્મતત્ત્વ ઉપર દૃષ્ટિ લઈ જવી તે જ સાચું સુખ પ્રાપ્ત કરવાનો સાચો ઉપાય છે.

**પ્રશ્નઃ—**

૧. તત્ત્વ કોને કહે છે, તે કેટલા પ્રકારનાં છે?

૨. "પ્રયોજનભૂત" શબ્દનો શું આશય છે?

૩. પુણ્ય અને પાપનો સમાવેશ કયા તત્ત્વોમાં થાય છે? સ્પષ્ટ કરો.

૪. હેય અને ઉપાદેય તત્ત્વો બતાવો.

૫. દ્રવ્ય-સંવર, ભાવ-નિર્જરા, ભાવ-મોક્ષ, દ્રવ્યાસ્રવ અને ભાવબંધ સ્પષ્ટ કરો.

૬. આચાર્ય ગૃદ્ધપિચ્છ ઉમાસ્વામીનાં જીવન અને કવન ઉપર પ્રકાશ ફેંકો.

---



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

## પાઠ ચોથો

# છ આવશ્યક

(મંદિરજીમાં શાસ્ત્ર-પ્રવચન ચાલી રહ્યું છે. પંડિતજી શાસ્ત્ર-પ્રવચન કરી રહ્યા છે અને બધા શ્રોતાઓ રુચિપૂર્વક શ્રવણ કરી રહ્યા છે.)

પ્રવચનકાર—સંસારનાં બધાં પ્રાણીઓ સુખ ચાહે છે અને દુઃખથી ડરે છે અને તે દુઃખોથી બચવાને માટે ઉપાય પણ કરે છે, પરંતુ તેમનાથી બચવાનો સાચો ઉપાય જાણતા નથી તેથી દુઃખી જ રહે છે.

એક શ્રોતા—તો પછી દુઃખથી બચવાનો સાચો ઉપાય કયો છે?

પ્રવચનકાર— આત્માને સમજીને તેમાં લીન થવું તે જ સાચો ઉપાય છે અને એ જ નિશ્ચયથી આવશ્યક કર્તવ્ય છે.

બીજો શ્રોતા—આપ તો સાધુઓની વાત કરવા લાગ્યા, અમારા જેવા ગૃહસ્થ સાચું સુખ પ્રાપ્ત કરવા માટે શું કરે?

પ્રવચનકાર—દુઃખ મટાડવા અને સુખ પ્રાપ્ત કરવાનો ઉપાય તો બધાને માટે એક જ છે.

એ વાત જુદી છે કે મુનિરાજ પોતાના ઉગ્ર પુરુષાર્થથી આત્માનું સુખ વિશેષ પ્રાપ્ત કરી લે છે અને ગૃહસ્થ પોતાની ભૂમિકા પ્રમાણે અંશે સુખ પ્રાપ્ત કરે છે.

ઉક્ત માર્ગે ચાલનાર સમ્યગ્દૃષ્ટિ શ્રાવકને આંશિક શુદ્ધિરૂપ નિશ્ચય આવશ્યકની સાથોસાથ શુભ વિકલ્પ પણ આવે છે તેને વ્યવહાર આવશ્યક કહે છે. તે છ પ્રકારના હોય છે—



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

**देवपूजा गुरूपास्ति, स्वाध्यायः संयमस्तपः।**
**दानश्चेति गृहस्थानां षट् कर्माणि दिने दिने॥**

૧. દેવપૂજા ૨. ગુરુની ઉપાસના ૩. સ્વાધ્યાય
૪. સંયમ ૫. તપ ૬. દાન.

શ્રોતા —કૃપા કરીને એ સંક્ષેપમાં સમજાવો.

પ્રવચનકાર—જ્ઞાની શ્રાવકને યોગ્ય આંશિક શુદ્ધિ નિશ્ચયથી ભાવ-દેવપૂજા છે અને સાચા દેવનું સ્વરૂપ સમજીને તેમના ગુણોનું સ્તવન તે જ વ્યવહારથી ભાવ-દેવપૂજા છે. જ્ઞાની શ્રાવક વીતરાગતા અને સર્વજ્ઞતા આદિ ગુણોનું સ્તવન કરતાં વિધિપૂર્વક અષ્ટદ્રવ્યથી પૂજન કરે છે તેને દ્રવ્યપૂજા કહે છે.

એવી જ રીતે જ્ઞાની શ્રાવકને યોગ્ય આંશિક શુદ્ધિ તે જ નિશ્ચયથી ગુરુ-ઉપાસના છે અને ગુરુનું સાચું સ્વરૂપ સમજીને તેમની ઉપાસના કરવી તે જ વ્યવહાર-ગુરુ-ઉપાસના છે.

તમને પહેલાં બતાવી દીધું છે કે અરિહંત અને સિદ્ધ ભગવાન દેવ કહેવાય છે અને આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુ ગુરુ કહેવાય છે.

જ્ઞાની શ્રાવકને યોગ્ય આંશિક શુદ્ધિ જ નિશ્ચયથી સ્વાધ્યાય છે અને જિનેન્દ્ર ભગવાને કહેલા તત્ત્વનું નિરૂપણ કરનાર શાસ્ત્રોનું અધ્યયન, મનન કરવું તે વ્યવહાર-સ્વાધ્યાય છે.

શ્રોતા —એ તો ત્રણ થયા.

પ્રવચનકાર—સાંભળો, જ્ઞાની શ્રાવકને યોગ્ય આંશિક શુદ્ધિ જ નિશ્ચયથી સંયમ છે અને તેની સાથે હોવાવાળા ભૂમિકા અનુસાર હિંસાદિથી વિરતિ અને ઈન્દ્રિય-નિગ્રહ એ વ્યવહાર-સંયમ છે.

જ્ઞાની શ્રાવકને યોગ્ય આંશિક શુદ્ધિ અર્થાત્ શુભાશુભ ઇચ્છાઓનો નિરોધ ( ઉત્પન્ન ન થવું ) તે નિશ્ચય-તપ છે તથા તેની સાથે હોવાવાળા અનશનાદિ સંબંધી શુભ ભાવ તે વ્યવહાર-તપ છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

જ્ઞાની શ્રાવકને યોગ્ય આંશિક શુદ્ધિ તે નિશ્ચયથી પોતાને શુદ્ધતાનું દાન છે અને સ્વ અને પરના અનુગ્રહ માટે ધનાદિનું દેવું તે વ્યવહાર-દાન છે. તે (વ્યવહાર-દાન) ચાર પ્રકારનું હોય છે—

| | |
|---|---|
| ૧. આહારદાન | ૩. ઔષધદાન |
| ૨. જ્ઞાનદાન | ૪. અભયદાન |

શ્રોતા —નિશ્ચય અને વ્યવહાર આવશ્યકમાં શું તફાવત છે?

પ્રવચનકાર—નિશ્ચય આવશ્યક તો શુદ્ધ ધર્મ-પરિણતિ છે તેથી બંધના અભાવનું કારણ છે અને વ્યવહાર આવશ્યક પુણ્યબંધનું કારણ છે. સાચા આવશ્યક જ્ઞાની જીવને જ હોય છે. પણ દેવ-પૂજનાદિ કરવાના ભાવ અજ્ઞાનીને પણ હોય છે તથા મંદકષાય અને શુભભાવ પ્રમાણે પુણ્યબંધ પણ થાય છે, પણ તે સાચા ધર્મ કહેવાતા નથી.

શ્રોતા —જો આપ એમ કહેશો તો અજ્ઞાની જીવ દેવપૂજનાદિ આવશ્યક કાર્ય છોડી દેશે.

પ્રવચનકાર—ભાઈ, ઉપદેશ તો ઊંચે ચડવાને માટે આપવામાં આવે છે, તેથી દેવપૂજનાદિના શુભભાવ છોડીને જો અશુભ-ભાવમાં જશે તો પાપબંધ કરશે. માટે દેવપૂજનાદિ છોડવા યોગ્ય નથી.

**પ્રશ્ન—**

૧. સંસારનાં દુઃખોથી બચવાનો સાચો ઉપાય કયો છે?

૨. આવશ્યક કોને કહે છે? ગૃહસ્થના આવશ્યક કાર્ય કયા કયા છે

૩. નિશ્ચયથી આવશ્યક શું છે?

૪. છ આવશ્યકોનાં નામ લખો તેમની વ્યાખ્યા લખો.

---



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પાઠ પાંચમો | કર્મ

## સિદ્ધાંતચક્રવર્તી નેમિચન્દ્રાચાર્ય

(વ્યક્તિત્વ અને કર્તૃત્વ)

**जह चक्केण य चक्की, छक्खंडं साहियं अविडघेण ।**
**तह मइ चक्केण मया, छक्खंडं साहियं सम्म ॥**

"જેવી રીતે સુદર્શનચક્રવડે ચક્રવર્તી છ ખંડ સાધી (જીતી) લે છે, તેવી જ રીતે મેં (નેમિચન્દ્રે) મારી બુદ્ધિરૂપી ચક્રથી ષટ્ખંડાગમરૂપી મહા સિદ્ધાંતને સાધ્યા છે," તેથી તેઓ 'સિદ્ધાંત-ચક્રવર્તી' કહેવાયા. તેઓ પ્રસિદ્ધ જૈન રાજા ચામુંડરાયના સમકાલીન હતા અને ચામુંડરાયનો સમય અગિયારમી સદીનો પૂર્વાર્ધ છે. તેથી આચાર્ય નેમિચંદ્ર પણ એ જ સમયે ભારત-ભૂમિને શોભાવી રહ્યા હતા.

એ કોઈ સામાન્ય વિદ્વાન નહોતા. એમણે રચેલા ગોમ્મટસાર જીવકાંડ, ગોમ્મટસાર કર્મકાંડ, ત્રિલોકસાર, લબ્ધિસાર, ક્ષપણાસાર વગેરે ઉપલબ્ધ ગ્રંથ તેમની અસાધારણ વિદ્વત્તા અને 'સિદ્ધાન્ત-ચક્રવર્તી'ની પદવીને સાર્થક સિદ્ધ કરી રહ્યા છે.

તેમણે ચામુંડરાયના આગ્રહથી સિદ્ધાંતગ્રંથોનો સાર લઈને ગોમ્મટસાર ગ્રંથની રચના કરી છે, તેના જીવકાંડ અને કર્મકાંડ નામના બે મહા અધિકાર છે. એનું બીજું નામ પંચસંગ્રહ પણ છે.

આ ગ્રંથ ઉપર કેટલીયે ટીકાઓ લખવામાં આવી છે. એમાં ચામુંડરાયે પોતે કર્ણાટવૃત્તિ નામની ટીકા લખી છે. તે ઉપરાંત કેશવ વર્ણીની સંસ્કૃત ટીકા છે. એની સંસ્કૃત ટીકા અભયચંદ્ર સિદ્ધાંત-ચક્રવર્તીએ બનાવી છે જેનું નામ મંદપ્રબોધિની છે. આ જ ટીકાઓના આધારે પં. ટોડરમલજીએ સમ્યગ્જ્ઞાનચન્દ્રિકા નામની હિન્દી ટીકા બનાવી છે.

આ પાઠ ગોમ્મટસાર કર્મકાંડના આધારે લખવામાં આવ્યો છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# કેમ

ચામુંડરાય —મહારાજ, આ આત્મા દુઃખી કેમ છે? આત્માનું હિત શું છે? કૃપા કરીને બતાવો.

આચાર્ય નેમિચંદ્ર—આત્માનું હિત નિરાકુળ સુખ છે, તે આત્માના આશ્રયથી જ પ્રાપ્ત કરી શકાય છે. પણ આ જીવ પોતાના જ્ઞાનસ્વભાવી આત્માને ભૂલીને મોહ-રાગ-દ્વેષરૂપ વિકારીભાવ કરે છે, તેથી દુઃખી છે.

ચામુંડરાય —અમે તો સાંભળ્યું છે કે દુઃખનું કારણ કર્મ છે.

આચાર્ય નેમિચંદ્ર—ના ભાઈ, જ્યારે આ આત્મા પોતાને ભૂલીને સ્વયં મોહ–રાગ–દ્વેષ ભાવરૂપ વિકારી પરિણમન કરે છે, ત્યારે કર્મનો ઉદય તેમાં નિમિત્ત કહેવાય છે. કર્મ થોડા જ જબરદસ્તીથી આત્માને વિકાર કરાવે છે!

ચામુંડરાય —એ નિમિત્ત શું છે?

આચાર્ય નેમિચંદ્ર—જ્યારે પદાર્થ સ્વયં કાર્યરૂપ પરિણમે, ત્યારે કાર્યની ઉત્પત્તિમાં અનુકૂળ હોવાનો આરોપ જેના ઉપર આવી શકે તેને નિમિત્તકારણ કહે છે. જ્યારે આત્મા પોતે પોતાની ભૂલથી વિકારાદિરૂપ (દુઃખાદિ-રૂપ) પરિણમે, ત્યારે તેમાં કર્મને નિમિત્ત કહેવામાં આવે છે.

ચામુંડરાય —એ તો બરાબર છે કે આ આત્મા પોતાની ભૂલથી સ્વયં દુઃખી છે, જ્ઞાનાવરણાદિ કર્મોને કારણે નહિ. પણ તે ભૂલ શું છે?

આચાર્ય નેમિચંદ્ર—પોતાને ભૂલીને પરમાં ઇષ્ટ અને અનિષ્ટ કલ્પના કરીને મોહ–રાગ–દ્વેષરૂપ ભાવકર્મ (વિભાવભાવ-રૂપ પરિણમન) કરવા તે જ આત્માની ભૂલ છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ચામુંડરાય — ભાવકર્મ શું છે?

આચાર્ય નેમિચંદ્ર—કર્મના ઉદયમાં આ જીવ મોહ-રાગ-દ્વેષરૂપી વિકારી ભાવરૂપ થાય છે, તેને ભાવકર્મ કહે છે. અને તે મોહ-રાગ-દ્વેષભાવોનું નિમિત્ત પામીને કાર્માણ વર્ગણા (કર્મરજ) કર્મરૂપે પરિણમીને આત્મા સાથે જોડાઈ જાય છે, તેને દ્રવ્યકર્મ કહે છે.

ચામુંડરાય — તો કર્મબંધના નિમિત્તે આત્મામાં ઉત્પન્ન થતા મોહ-રાગ-દ્વેષભાવ તો ભાવકર્મ છે અને કાર્માણ વર્ગણાનો કર્મરૂપે પરિણમેલ રજપિંડ તે દ્રવ્યકર્મ?

આચાર્ય નેમિચંદ્ર—હા, મૂળરૂપે આ કર્મ આઠ પ્રકારનાં છે. આ આઠ પ્રકારનાં કર્મોમાં જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય તો ઘાતી કર્મ કહેવાય છે અને વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર એ ચાર અઘાતી કર્મ કહેવાય છે.

ચામુંડરાય — ઘાતી અને અઘાતીનું તાત્પર્ય શું છે?

આચાર્ય નેમિચંદ્ર—જીવના અનુજીવી ગુણોનો ઘાત કરવામાં જે કર્મ નિમિત્ત હોય તે ઘાતી કર્મ છે અને આત્માના અનુજીવી ગુણોના ઘાતમાં નિમિત્ત ન હોય તેને અઘાતી કર્મ કહે છે.

ચામુંડરાય — જ્ઞાનનું આવરણ કરનાર કર્મને જ્ઞાનાવરણ અને દર્શનનું આવરણ કરનાર કર્મને દર્શનાવરણ કહેતા હશે?

આચાર્ય નેમિચંદ્ર—સાંભળો, જ્યારે આત્મા પોતે જ પોતાના જ્ઞાનભાવનો ઘાત કરે છે અર્થાત્ જ્ઞાનશક્તિને વ્યક્ત કરતો નથી ત્યારે આત્માના જ્ઞાનગુણના ઘાતમાં જે કર્મનો ઉદય નિમિત્ત હોય તેને જ્ઞાનાવરણ કહે છે.

અને જ્યારે આત્મા પોતે જ પોતાના દર્શન-ગુણ (ભાવ)નો ઘાત કરે છે ત્યારે દર્શન-ગુણના ઘાતમાં જે કર્મનો ઉદય નિમિત્ત હોય તેને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

દર્શનાવરણ કહે છે. જ્ઞાનાવરણ પાંચ પ્રકારનું અને દર્શનાવરણ નવ પ્રકારનું છે.

ચામુંડરાય —અને મોહનીય...........?

આચાર્ય નેમિચંદ્ર—જીવ પોતાનું સ્વરૂપ ભૂલીને અન્યને પોતાનું માને અથવા સ્વરૂપાચરણમાં અસાવધાની કરે ત્યારે જે કર્મનો ઉદય નિમિત્ત હોય તેને મોહનીય કર્મ કહે છે. એ બે પ્રકારનું છે: ૧. દર્શન મોહનીય, ૨. ચારિત્ર મોહનીય. મિથ્યાત્વ આદિ ત્રણ ભેદ દર્શન મોહનીયના છે, ૨૫ કષાયો તે ચારિત્ર મોહનીયના ભેદ છે.

ચામુંડરાય —હવે ઘાતી કર્મોમાં એક અંતરાય બાકી રહી ગયું?

આચાર્ય નેમિચંદ્ર—જીવનાં દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્યના વિઘ્નમાં જે કર્મનો ઉદય નિમિત્ત હોય તેને અંતરાય કર્મ કહે છે. એ પાંચ પ્રકારનું છે

ચામુંડરાય —હવે કૃપા કરીને અઘાતી કર્મો વિષે પણ...........?

આચાર્ય નેમિચંદ્ર—હા, હા, સાંભળો.

જ્યારે આત્મા પોતે મોહભાવ વડે આકુળતા કરે છે ત્યારે અનુકૂળતા–પ્રતિકૂળતારૂપ સંયોગ પ્રાપ્ત થવામાં જે કર્મનો ઉદય નિમિત્ત હોય તેને વેદનીય કર્મ કહે છે. એ શાતા વેદનીય અને અશાતા વેદનીયના ભેદથી બે પ્રકારે છે.

જીવ પોતાની યોગ્યતાથી જ્યારે નારકી, તિર્યંચ, મનુષ્ય અથવા દેવના શરીરમાં રોકાઈ રહે ત્યારે જે કર્મનો ઉદય નિમિત્ત હોય તેને આયુષ્ય-કર્મ કહે છે. એ પણ નરકાયુ, તિર્યંચાયુ, મનુષ્યાયુ અને દેવાયુના ભેદથી ચાર પ્રકારે છે.

તથા જે શરીરમાં જીવ હોય તે શરીરાદિની રચનામાં જે કર્મનો ઉદય નિમિત્ત હોય તેને નામ કર્મ કહે છે. એ શુભ નામકર્મ અને અશુભ નામ-



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કર્મના ભેદથી બે પ્રકારનું છે. આમ તો તેની પ્રકૃતિ (ભેદ) ૯૩ છે.

અને જીવને ઊંચ અથવા નીચ આચરણવાળા કુળમાં જન્મ થવામાં જે કર્મનો ઉદય નિમિત્ત હોય તેને ગોત્રકર્મ કહે છે. એ પણ ઊંચ ગોત્ર અને નીચ ગોત્ર એ રીતે બે ભેદવાળું છે.

ચામુંડરાય —તો બસ, કર્મોના આઠ જ પ્રકાર છે?

આચાર્ય નેમિચંદ્ર—આ આઠ ભેદમાં પણ પેટાભેદ છે, જેને પ્રકૃતિ કહે છે અને તે ૧૪૮ છે. બીજા પણ અનેક ભેદો દ્વારા તેને સમજી શકાય છે, (પણ) અત્યારે આટલું જ પૂરતું છે. જો વિસ્તારથી જાણવાની ઇચ્છા હોય તો ગોમ્મટસાર કર્મકાંડ વગેરે ગ્રંથોનું અધ્યયન કરવું જોઇએ.

**પ્રશ્ન—**

૧. કર્મ કોને કહે છે? તે કેટલા પ્રકારનાં છે? નામ સહિત ગણાવો.

૨. શું કર્મ આત્માને બળજોરીથી વિકાર કરાવે છે?

૩. જ્ઞાનાવરણીય, મોહનીય અને આયુષ્ય કર્મની વ્યાખ્યા લખો.

૪. સિદ્ધાંતચક્રવર્તી આચાર્ય નેમિચન્દ્રનો સંક્ષિપ્ત પરિચય આપો.

---



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

પાઠ છઠ્ઠો

# રક્ષાબંધન

શિક્ષક — બધા વિદ્યાર્થીઓને જણાવવામાં આવે છે કે કાલે રક્ષાબંધનનું મહાન પર્વ છે. એ દિવસે અકંપનાચાર્ય આદિ સાતસો મુનિઓનો ઉપસર્ગ દૂર થયો હતો. તેથી એ દિવસ આપણા આનંદનો દિવસ છે. તેના નિમિત્તે કાલે શાળામાં રજા રહેશે.

વિદ્યાર્થી—ગુરુદેવ ! અકંપનાચાર્ય કોણ હતા ? તેમના ઉપર કેવી જાતનો ઉપસર્ગ આવ્યો હતો અને એ કેવી રીતે દૂર થયો ? તે કૃપા કરીને સંક્ષેપમાં સમજાવો.

શિક્ષક — સાંભળો !

અકંપનાચાર્ય એક દિગંબર સંત હતા. તેમની સાથે સાતસો મુનિઓનો સંઘ હતો અને તેઓ તેમના આચાર્ય હતા. એક વખત તેઓ સંઘ સહિત વિહાર કરતા ઉજ્જૈન પહોંચ્યા. તે વખતે ઉજ્જૈનના રાજા શ્રીવર્મા હતા. તેમને ત્યાં ચાર મંત્રી હતા. જેમનાં નામ હતાં—બલિ, નમુચિ, બૃહસ્પતિ અને પ્રહ્લાદ.

જ્યારે રાજાએ મુનિઓના આગમનના સમાચાર સાંભળ્યા ત્યારે તે લાવ-લશ્કર સાથે તેમનાં દર્શન કરવા ગયો. ચારેય મંત્રી પણ સાથે હતા. બધા મુનિરાજ આત્મધ્યાનમાં મગ્ન હતા, તેથી પ્રવચન–ચર્ચાનો કાંઈ પ્રસંગ બન્યો નહિ.

મંત્રીઓ મુનિઓ પ્રત્યે શ્રદ્ધાળુ નહોતા. તેથી તેમણે રાજાને ઉશ્કેરવાની ઇચ્છા કરી અને કહ્યું, “मौनं मूर्खस्य भूषणम्” મૌન એ મૂર્ખતા છુપાવવાનો સારો ઉપાય છે. એમ વિચારીને જ સાધુઓ મૂંગા રહ્યા છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

શ્રુતસાગર મુનિરાજ આહાર કરીને આવી રહ્યા હતા. તેમને જોઈને એક મંત્રીએ કહ્યું, 'એક બળદ (મૂર્ખ) આ આવી રહ્યો છે' અને તે મંત્રીઓ મુનિરાજ સાથે વાદ-વિવાદમાં ઊતરી પડ્યા. પછી શું? મુનિરાજે પોતાની પ્રબળ યુક્તિઓ વડે તરત જ તેમના મદનું ખંડન કર્યું.

રાજાની સામે તે ચારેયના અભિમાનના ભૂકા થઈ ગયા. તે વખતે તો તેઓ મૂંગા મૂંગા ચાલ્યા ગયા પણ રાત્રે ચારેય જણાએ ત્યાં આવીને મુનિરાજ ઉપર પ્રહાર કરવા માટે એક સાથે તરવાર ઉગામી પરંતુ તેમના હાથ જડાઈ જઈને ઊંચા જ રહી ગયા. સવારમાં જ્યારે રાજાએ અને લોકોએ આ સમાચાર સાંભળ્યા એટલે બધા ત્યાં આવી પહોંચ્યા. બધાએ મુનિરાજની સ્તુતિ કરી અને રાજાએ ચારેય મંત્રીઓને દેશનિકાલ કર્યા.

વિદ્યાર્થી—તે મુનિરાજ રાત્રે ત્યાં કેમ રહ્યા? તેમણે તો જ્યાં સંઘ રોકાયો હતો ત્યાં જ ધ્યાનસ્થ રહેવું જોઇતું હતું.

શિક્ષક — જ્યારે તેમણે ઉપરોક્ત વાદ-વિવાદની વાત આચાર્યશ્રીને જણાવી ત્યારે તેમણે કહ્યું કે તમારે તેમની સાથે ચર્ચા જ કરવી જોઇતી નહોતી. કેમકે જેવી રીતે સાપને દૂધ પાવાથી વિષ જ બને છે તેવી જ રીતે તીવ્ર કષાયવાળા અજ્ઞાની જીવોની સાથે કરવામાં આવતી તત્ત્વચર્ચા તેમનો ક્રોધ જ વધારે છે. સંભવ છે કે તેઓ કષાયની તીવ્રતામાં કોઈ ઉપસર્ગ કરે. માટે તમે તે જ સ્થળે જઈને આજે રાત્રે ધ્યાનસ્થ રહો.

વિદ્યાર્થી—પછી.......?

શિક્ષક — તે ચારેય મંત્રી હસ્તિનાપુરના રાજા પદ્મરાયને ત્યાં જઈને કામ કરવા લાગ્યા. કોઈક બાબતમાં પ્રસન્ન થઈને પદ્મરાયે તેમને ઇચ્છા મુજબ વરદાન માગવાનું કહ્યું. તેમણે તે યોગ્ય સમયે માગવાની અનુમતિ લઈ લીધી.

એક વખત તે જ અકંપનાચાર્ય આદિ સાતસો મુનિરાજ વિહાર કરતા કરતા હસ્તિનાપુર પહોંચ્યા. તેમને આવેલા જોઈને બલિએ રાજા પદ્મરાય પાસેથી સાત દિવસ માટે રાજ્ય માગી લીધું. રાજ્ય મેળવીને તે મુનિરાજો ઉપર ઘોર ઉપસર્ગ કરવા લાગ્યો.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

તે વખતે રાજા પદ્મરાયના ભાઈ, જે પહેલાં મુનિ થઈ ગયા હતા, તે મુનિરાજ વિષ્ણુકુમારે તેમનું રક્ષણ કર્યું.

વિદ્યાર્થી—આવા દુષ્ટ અને શક્તિશાળી રાજાની સામે નિઃશસ્ત્ર એવા મુનિરાજે કેવી રીતે રક્ષણ કર્યું ?

શિક્ષક — મુનિરાજને વિક્રિયા ઋદ્ધિ પ્રાપ્ત થઈ હતી.

વિદ્યાર્થી—વિક્રિયા ઋદ્ધિ શું છે ?

શિક્ષક — જે શક્તિથી પોતાનું શરીર ઇચ્છા મુજબ મોટું કે નાનું બનાવી શકાય તેને વિક્રિયા ઋદ્ધિ કહે છે.

મુનિરાજે પોતાનું પદ છોડી દઈને વામનનો વેશ લીધો અને બલિના દરબારમાં પહોંચ્યા. બલિએ તેમને ઇચ્છા પ્રમાણે વસ્તુ માગવાની વિનંતી કરી. તેમણે પોતાના ડગલાના માપથી ત્રણ ડગલાં જમીનની માગણી કરી. જ્યારે બલિએ ત્રણ ડગલાં જમીન આપવાનું સ્વીકાર્યું ત્યારે તેમણે પોતાનું શરીર મોટું કરી નાખ્યું અને બે જ ડગલાંમાં બધી ભૂમિને માપી લીધી. આવી રીતે બલિને હરાવીને મુનિરાજોની રક્ષા કરી. તે શ્રાવણ સુદ ૧૫ નો દિવસ હતો. તેથી તે જ દિવસથી રક્ષાબંધન પર્વની શરૂઆત થઈ. મુનિરાજોની રક્ષા થઈ અને બલિને બંધન થયું.

વિદ્યાર્થી—શું મુનિની ભૂમિકામાં પણ આવું બધું થઈ શકે ?

શિક્ષક — ના ભાઈ, તમે ધ્યાનપૂર્વક સાંભળ્યું નહિ. અમે કહ્યું હતું ને કે તેમણે મુનિપદ છોડીને વામનનો વેશ લીધો. આ કામ તેમના પદને માટે યોગ્ય નહોતું. તેથી તો તેમને પ્રાયશ્ચિત્ત લેવું પડ્યું, બીજી વાર દીક્ષા લેવી પડી.

વિદ્યાર્થી—તે વિષ્ણુકુમાર મુનિરાજને ધન્ય છે !

શિક્ષક — ખરેખર તો તે અકંપનાચાર્ય આદિ મુનિરાજને ધન્ય છે, કે જેમને આટલી વિપત્તિઓ પણ આત્મધ્યાનમાંથી ડગાવી ન શકી.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

વિદ્યાર્થી—હા, અને તે શ્રુતસાગર મુનિને પણ ધન્ય છે કે જેમણે બલિ વગેરે સાથે વિવાદ કરીને તેમનો મદ ખંડિત કર્યો.

શિક્ષક — તેમની વિદ્વત્તા તો વખાણવા યોગ્ય છે પણ તેમણે દુષ્ટો સાથે ચર્ચા કરવી જોઇતી નહોતી. આત્માની સાધના કરનારે દુષ્ટો સાથે ઝઘડવું યોગ્ય નથી.

વિદ્યાર્થી—કેમ ?

શિક્ષક — જુઓને, તેના પરિણામે તો આટલો ઝઘડો થયો.–તેથી પ્રત્યેક આત્માર્થીએ જગતના પ્રપંચોથી દૂર રહીને તત્ત્વના અભ્યાસમાં પ્રયત્નશીલ રહેવું. એ જ સંસાર-બંધનમાંથી રક્ષણ પામવાનો સાચો ઉપાય છે.

**પ્રશ્ન—**

૧. રક્ષાબંધનની કથા તમારા શબ્દોમાં લખો.

૨. મુનિ વિષ્ણુકુમારને ઉપસર્ગ મટાડવા માટે મુનિપદ કેમ છોડવું પડ્યું ?

૩. અકંપનાચાર્યે શ્રુતસાગર મુનિરાજને વાદ–વિવાદના સ્થળ ઉપર જઈને રાત્રે ધ્યાનસ્થ રહેવાનો આદેશ શામાટે આપ્યો ?

૪. ઉપરોક્ત કથા વાંચીને, જે ભાવ જાગ્યા હોય તે વ્યક્ત કરો.

---



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પાઠ સાતમો | જમ્બૂસ્વામી

## કવિવર પં૦ રાજમલજી પાંડે
### (વ્યક્તિત્વ અને કર્તૃત્વ)

"પાંડે રાજમલ્લ જિનધર્મી, નાટક સમયસારકે મર્મી"

– બનારસીદાસ

રાજસ્થાનના જે મુખ્ય વિદ્વાનોએ આત્મસાધનાને અનુરૂપ સાહિત્ય-આરાધનાને પોતાનું જીવન અર્પણ કર્યું છે, તેમાં પં. રાજમલજીનું નામ વિશેષપણે ઉલ્લેખનીય છે. એમનું મુખ્ય નિવાસ-સ્થાન ઢૂંઢાહડ પ્રદેશનું વૈરાટનગર અને માતૃભાષા ઢૂંઢારી હતી. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાના પણ તેઓ ઉચ્ચ કોટિના વિદ્વાન હતા.

તેઓ ૧૭મી સદીના મુખ્ય વિદ્વાન બનારસીદાસના પૂર્વકાલીન હતા. એમનો પહેલો ગ્રંથ જમ્બૂસ્વામી ચરિત્ર સં. ૧૬૩૩માં પૂર્ણ થયો હતો. તેથી એમનો જન્મ ચોક્કસપણે ૧૭મી સદીના પ્રારંભમાં જ થયો હશે.

એમની પ્રતિભા બહુમુખી હતી. તેઓ કવિ, ટીકાકાર, વિદ્વાન અને વક્તા બધું એક સાથે હતા. એમની કવિતામાં કાવ્યત્વની સાથોસાથ અધ્યાત્મ અને ગંભીર તત્ત્વોનું ગૂઢ વિવેચન છે. એમણે રચેલી નીચેની રચનાઓ ઉપલબ્ધ છે:—

૧. જમ્બૂસ્વામી ચરિત્ર
૨. છંદોવિદ્યા
૩. અધ્યાત્મકમલમાર્ત્તણ્ડ
૪. તત્ત્વાર્થસૂત્ર ટીકા
૫. સમયસારકલશ બાલબોધ ટીકા
૬. પંચાધ્યાયી.

પ્રસ્તુત પાઠ તેમણે રચેલા જમ્બૂસ્વામી ચરિત્રના આધારે લખવામાં આવ્યો છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# જમ્બૂસ્વામી

બહેન—અંતિમ તીર્થંકર મહાવીર ભગવાન પૂર્ણ વીતરાગ અને સર્વજ્ઞ હતા. તેમના પછી પણ કોઈ પૂર્ણ વીતરાગ અને સર્વજ્ઞ થયા ?

ભાઈ—હા, હા, કેમ નહિ થયા ? તેમના પછી ગૌતમ સ્વામી, સુધર્માચાર્ય અને જમ્બૂસ્વામી પૂર્ણ વીતરાગ અને કેવળજ્ઞાની થયા. આ યુગના અંતિમ કેવળી જમ્બૂસ્વામી જ છે.

બહેન—તો મહાવીર સ્વામીની જેમ જમ્બૂસ્વામી પણ રાજકુમાર હશે ?

ભાઈ—ના બેન, તે તો રાજગૃહી નગરીના એક રાજમાન્ય શેઠના પુત્ર હતા. તેમના પિતાનું નામ અર્હદ્દાસ અને માતાનું નામ જિનમતી હતું. જમ્બૂકુમારનો જન્મ ફાગણ સુદ પૂનમે થયો હતો.

શ્રેષ્ઠિપુત્ર જમ્બૂકુમારનું રાજા શ્રેણિકના દરબારમાં અને તે વખતના સમાજમાં મહત્ત્વપૂર્ણ સ્થાન હતું. નગરના અનેક શ્રીમંતો પોતાની ગુણવાન કન્યાઓનાં લગ્ન જમ્બૂકુમાર સાથે કરવા ઇચ્છતા હતા અને ચાર કન્યાઓની સગાઈ પણ તેમની સાથે નક્કી થઈ ગઈ હતી પણ......

બહેન—પણ શું ?

ભાઈ—પણ તેઓ તો બાળપણથી જ વૈરાગ્ય-રસમાં ડૂબેલા હતા. તેમનું મન તો આત્માના અનંત અતીન્દ્રિય આનંદ માટે તરફડતું હતું તેથી તેમણે લગ્ન કરવાની ચોખ્ખી ના પાડી દીધી.

બહેન—ના પાડી દીધી ? નક્કી કરેલું સગપણ તોડી નાખ્યું ? લગ્ન ન કર્યાં ?

ભાઈ—તેઓ તો લગ્ન ન કરવાનું જ ઇચ્છતા હતા પણ જ્યારે કન્યાઓએ આ સમાચાર સાંભળ્યા ત્યારે તેઓએ પણ કહ્યું કે જો લગ્ન કરીશું તો જમ્બૂકુમારની સાથે જ, બીજી રીતે નહીં જ.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

બહેન—પછી......?

ભાઈ—પછી શું? ચારે કન્યાઓનાં માતા–પિતા અને જમ્બૂકુમારનાં માતા–પિતાએ અત્યંત આગ્રહ કર્યો કે ભલે તમે પાછળથી દીક્ષા લઈ લેજો પણ લગ્નની ના ન પાડો. કેમકે તેઓ જાણતા હતા કે સર્વાંગ સુન્દર કન્યાઓ પોતાનાં રૂપ અને ગુણોથી જમ્બૂકુમારનું મન પ્રસન્ન કરી દેશે અને પછી જમ્બૂકુમાર વૈરાગ્યની વાતો ભૂલી જશે, પણ—

બહેન—પણ શું?

ભાઈ—પણ જમ્બૂકુમારે લગ્ન કરવાનું તો કબૂલ્યું પણ તેમના મનને સાંસારિક વિષયવાસનાઓ પોતાની તરફ ખેંચી ન શકી.

બહેન—તો શું લગ્ન ન થયાં?

ભાઈ—લગ્ન તો થયાં પણ બીજે જ દિવસે જમ્બૂકુમાર ઘર-બાર, કુટુંબ-કબીલો, ધન-ધાન્ય અને દેવાંગના જેવી ચારેય સ્ત્રીઓને ત્યાગીને નગ્ન દિગંબર સાધુ બની ગયા.

બહેન—તેમની પત્નીઓનાં નામ શું હતાં? શું તેમણે તેમને દીક્ષા લેતાં રોકયા નહિ?

ભાઈ—તેમનાં નામ પદ્મશ્રી, કનકશ્રી, વિનયશ્રી અને રૂપશ્રી હતાં. તેમણે પોતાના હાવભાવ, રૂપ-લાવણ્ય, સેવાભાવ અને બુદ્ધિ-ચાતુર્યથી પૂરેપૂરો પ્રયત્ન કર્યો, પણ આત્માનંદમાં મગ્ન રહેવાના અભિલાષી જમ્બૂકુમારનું મન તેઓ ચલાયમાન ન કરી શકી.

બહેન—બરાબર જ છે. રાગી મનુષ્યોનો રાગ જ્ઞાનીઓને શું પ્રભાવિત કરી શકે? જ્ઞાન અને વૈરાગ્યનાં કિરણો તો અજ્ઞાન અને રાગનો નાશ કરવામાં સમર્થ હોય છે.

ભાઈ—બરાબર કહો છો બેન, તેમનાં જ્ઞાન અને વૈરાગ્યનો પ્રભાવ તો તે વિદ્યુતચર નામના ચોર ઉપર પણ પડયો કે જે તે રાત્રે જમ્બૂકુમારના મકાનમાં ચોરી કરવા આવ્યો હતો, પણ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

જમ્બૂકુમાર તથા તેમની નવ-વિવાહિતા સ્ત્રીઓની ચર્ચા સાંભળીને તેમ જ તે કુમારની વૈરાગ્ય-પરિણતિ જોઈને તેમની સાથે જ મુનિ થઈ ગયો.

બહેન—અને તે કન્યાઓનું શું થયું ?

ભાઈ—તેમણે પણ પોતાની રુચિ વિષય-કષાયમાંથી ખસેડીને વૈરાગ્ય તરફ વાળી અને તેઓ પણ દીક્ષા લઈને અર્જિકા થઈ ગઈ. જંબૂકુમારનાં માતા–પિતાએ પણ અર્જિકા અને મુનિવ્રત અંગીકાર કર્યું.

આ રીતે આખુંય વાતાવરણ વૈરાગ્યમય બની ગયું. જંબૂકુમાર મુનિ નિરંતર આત્મ-સાધનામાં મગ્ન રહેવા લાગ્યા અને માહ સુદ સાતમને દિવસે—જે દિવસે તેમના ગુરુ સુધર્માચાર્યને નિર્વાણ-પ્રાપ્તિ થઈ—જંબૂસ્વામીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી.

બહેન—જેમ મહાવીર ભગવાનનો નિર્વાણદિન અને ગૌતમસ્વામીનો કેવળજ્ઞાન-પ્રાપ્તિનો દિવસ એક છે તેમ સુધર્માચાર્યનો નિર્વાણદિન અને જંબૂસ્વામીનો કેવળજ્ઞાન-પ્રાપ્તિનો દિવસ એક જ થયો.

ભાઈ—હા, ત્યાર પછી જંબૂસ્વામીના દિવ્યધ્વનિ દ્વારા ૧૮ વર્ષ સુધી મગધથી લઈને મથુરા સુધીના પ્રદેશોમાં તત્ત્વનો ઉપદેશ ચાલુ રહ્યો અને અંતમાં તેઓ ચોરાસી (મથુરા)થી* મોક્ષ પધાર્યા.

પ્રશ્ન—

૧. જંબૂસ્વામીનો સંક્ષિપ્ત પરિચય તમારી ભાષામાં આપો.

૨. મહાકવિ પં. રાજમલજી પાંડેના જીવન અને કવન ઉપર પ્રકાશ પાડો.

---

* પં. રાજમલજી તેમનો વિપુલાચલથી મોક્ષ થવાનું માને છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

## પાઠ આઠમો

# બાર ભાવના

### પં. જયચંદજી છાબડા
વ્યક્તિત્વ અને કર્તૃત્વ
(સંવત્ ૧૭૯૫–૧૮૮૧)

જયપુરના પ્રતિભાશાળી આત્માર્થી વિદ્વાનોમાં પં. જયચંદજી છાબડાનું એક મહત્ત્વપૂર્ણ સ્થાન છે. તેમનો જન્મ જયપુરથી ૩૦ માઈલ દૂર ડિગ્ગી–માલપુરા રોડ ઉપર આવેલા ફાગઈ (ફાગી) નામના ગામમાં થયો હતો. તેમના પિતાજીનું નામ મોતીરામજી છાબડા હતું.

અગિયાર વર્ષની નાની ઉંમરમાં તેમની રુચિ તત્ત્વજ્ઞાન તરફ થઈ ગઈ હતી. કેટલાક સમય પછી તેઓ ફાગઈથી જયપુર આવી ગયા, જ્યાં તેમને મહાપંડિત ટોડરમલજી વગેરેનો સત્સમાગમ પ્રાપ્ત થયો હતો. તેમના સુપુત્ર પં. નંદલાલજી પણ મહાન વિદ્વાન હતા. પં. જયચંદજીએ પોતે તેમનાં વખાણ કર્યાં છે.

તેમની રચનાઓમાં મુખ્યપણે ટીકા-ગ્રંથો છે, જેને વચનિકા નામથી ઓળખવામાં આવે છે. આમ તો તેમની કેટલીક મૌલિક કૃતિઓ પણ છે. તેમના કેટલાક મહત્ત્વપૂર્ણ ગ્રંથો નીચે લખ્યા મુજબ છે:–

૧. તત્ત્વાર્થસૂત્ર વચનિકા
૨. સર્વાર્થસિદ્ધિ વચનિકા
૩. પ્રમેયરત્નમાળા વચનિકા
૪. દ્રવ્યસંગ્રહ વચનિકા
૫. સમયસાર વચનિકા
૬. અષ્ટપાહુડ વચનિકા
૭. જ્ઞાનાર્ણવ વચનિકા
૮. ધન્યકુમાર ચરિત્ર વચનિકા
૯. કાર્તિકેયાનુપ્રેક્ષા વચનિકા
૧૦. પદ-સંગ્રહ

પ્રસ્તુત બાર ભાવનાઓ તેમણે જ બનાવેલી છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# બાર ભાવના

અનિત્ય — દ્રવ્ય રૂપ કરિ સર્વ થિર, પરજય થિર હૈ કૌન;
દ્રવ્ય દૃષ્ટિ આપા લખો, પરજય નય કરિ ગૌન.

અશરણ — શુદ્ધાતમ અરુ પંચ ગુરુ, જગમેં સરનૌ હોય;
મોહ ઉદય જિયકે વૃથા, આન કલ્પના હોય.

સંસાર — પર દ્રવ્યનતૈં પ્રીતિ જો, હૈ સંસાર અબોધ;
તાકો ફલ ગતિ ચારમેં, ભ્રમણ કહ્યો શ્રુત શોધ.

એકત્વ — પરમારથ તૈં આતમા, એક રૂપ હી જોય;
કર્મ નિમિત્ત વિકલપ ઘને, તિન નાસે શિવ હોય.

અન્યત્વ — અપને અપને સત્ત્વકૂં, સર્વ વસ્તુ વિલસાય;
ઐસેં ચિતવૈ જીવ તબ, પરતૈં મમત ન થાય.

અશુચિ — નિર્મલ અપની આતમા, દેહ અપાવન ગેહ;
જાનિ ભવ્ય નિજ ભાવકો, યાસોં તજો સનેહ.

આસ્રવ — આતમ કેવલ જ્ઞાનમય, નિશ્ચય-દૃષ્ટિ નિહાર;
સબ વિભાવ પરિણામમય, આસ્રવભાવ વિડાર.

સંવર — નિજસ્વરૂપમેં લીનતા, નિશ્ચય સંવર જાનિ;
સમિતિ ગુપ્તિ સંજમ ધરમ, ધરૈ પાપકી હાનિ.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

## બાર ભાવનાઓના અર્થ-

વૈરાગ્ય ઉત્પન્ન થવાના સમયે બાર ભાવનાઓનું ચિંતવન કરનાર જ્ઞાની આત્મા આ રીતે વિચાર કરે છે—

**અનિત્ય** દ્રવ્યની દૃષ્ટિથી જોવામાં આવે તો આખું જગત સ્થિર છે પણ પર્યાય-દૃષ્ટિથી કોઈ પણ સ્થિર નથી. તેથી પર્યાયાર્થિક નયને ગૌણ કરીને દ્રવ્યદૃષ્ટિથી એક આત્માનો અનુભવ જ કરવા યોગ્ય કાર્ય છે.

**અશરણ** આ વિશ્વમાં બે જ શરણ છે. નિશ્ચયથી તો નિજ શુદ્ધાત્મા જ શરણ છે અને વ્યવહારનયથી પંચ પરમેષ્ઠી. પણ મોહને લીધે આ જીવ અન્ય પદાર્થોને શરણ માને છે.

**સંસાર** નિશ્ચયથી પરપદાર્થો પ્રત્યે મોહ–રાગ–દ્વેષ ભાવ જ સંસાર છે. એ જ કારણે જીવ ચારે ગતિઓમાં દુઃખ ભોગવતો થકો ભ્રમણ કરે છે.

**એકત્વ** નિશ્ચયથી તો આત્મા એક જ્ઞાનસ્વભાવી જ છે. કર્મના નિમિત્તની અપેક્ષાએ કથન કરતાં અનેક વિકલ્પમય પણ તેને કહ્યો છે. આ વિકલ્પોના નાશથી જ મુક્તિ પ્રાપ્ત થાય છે.

**અન્યત્વ** પ્રત્યેક પદાર્થ પોતપોતાની સત્તામાં જ વિકાસ કરી રહ્યો છે, કોઈ કોઈનો કર્તા-હર્તા નથી. જ્યારે જીવ આમ ચિંતવન કરે છે ત્યારે તેને પર પ્રત્યે મમત્વ થતું નથી.

**અશુચિ** આ પોતાનો આત્મા તો નિર્મળ છે પણ આ શરીર મહા અપવિત્ર છે, તેથી હે ભવ્ય જીવો! પોતાના સ્વભાવને ઓળખીને આ અપવિત્ર શરીર પ્રત્યેનો સ્નેહ છોડો.

**આસ્રવ** નિશ્ચયદૃષ્ટિથી જોવામાં આવે તો આત્મા માત્ર જ્ઞાનમય છે. વિભાવભાવરૂપ પરિણામ તો આસ્રવભાવ છે, કે જેનો નાશ કરવા યોગ્ય છે.

**સંવર** નિશ્ચયથી આત્મસ્વરૂપમાં લીન થઈ જવું તે જ સંવર છે. તેનું કથન સમિતિ, ગુપ્તિ અને સંયમરૂપે કરવામાં આવે છે. જેને ધારણ કરવાથી પાપોનો નાશ થાય છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

નિર્જરા    સંવરમય હૈ આત્મા, પૂર્વ કર્મ ઝડ જાય;
    નિજ સ્વરૂપકો પાયકર, લોક શિખર જબ થાય.

લોક    લોક સ્વરૂપ વિચારિકેં, આતમ રૂપ નિહાર;
    પરમારથ વ્યવહાર ગુણિ, મિથ્યાભાવ નિવારિ.

બોધિદુર્લભ બોધિ આપકા ભાવ હૈ, નિશ્ચય દુર્લભ નાહિં;
    ભવમેં પ્રાપતિ કઠિન હૈ, યહ વ્યવહાર કહાહિં.

ધર્મ    દર્શજ્ઞાનમય ચેતના, આતમધર્મ બખાનિ;
    દયાક્ષમાદિક રતનત્રય, યામેં ગર્ભિત જાનિ.

નિર્જરા    જ્ઞાનસ્વભાવી આત્મા જ સંવર (ધર્મ) મય છે. તેના આશ્રયથી જ પૂર્વોપાર્જિત કર્મોનો નાશ થાય છે અને આ આત્મા પોતાના સ્વભાવને પ્રાપ્ત કરે છે.

લોક    લોક (છ દ્રવ્ય)ના સ્વરૂપનો વિચાર કરીને પોતાના આત્મામાં લીન થવું જોઈએ. નિશ્ચય અને વ્યવહારને સારી રીતે જાણીને મિથ્યાત્વભાવોને દૂર કરવા જોઈએ.

બોધિદુર્લભ જ્ઞાન આત્માનો સ્વભાવ છે, તેથી તે નિશ્ચયથી દુર્લભ નથી. સંસારમાં આત્મજ્ઞાનને દુર્લભ તો વ્યવહાર નયથી કહેવામાં આવ્યું છે.

ધર્મ    આત્માનો સ્વભાવ જ્ઞાન-દર્શનમય છે. દયા, ક્ષમા આદિ દસ ધર્મ અને રત્નત્રય બધા એમાં જ સમાઈ જાય છે.

**પ્રશ્ન—**

૧. નીચે લખેલા ભાવનાઓનાં પદ્ય તેના અર્થ સાથે લખો:—
અનિત્ય, એકત્વ, સંવર, બોધિદુર્લભ.

૨. પં. જયચંદજી છાબડાના જીવન અને કવન ઉપર પ્રકાશ ફેંકો.

---



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## हमारे यहां प्राप्त महत्वपूर्ण प्रकाशन

| | | रु० पै० |
|---|---|---|
| 1. | समयसार | 18–00 |
| 2. | नियमसार | 10–00 |
| 3 | पंचास्तिकायसंग्रह | 10–00 |
| 4 | समयसार नाटक | 10–00 |
| 5. | मोक्षमार्गप्रकाशक | 8–00 |
| 6. | प्रवचनरत्नाकर भाग 1 या 2 या 3 या 4 | 10–00 |
| 7. | ज्ञानगोष्ठी | 6–00 |
| 8. | भक्तामरप्रवचन | 4–50 |
| 9. | श्रावकधर्मप्रकाश | 6–00 |
| 10 | मोक्षशास्त्र | 18–00 |
| 11. | पण्डित टोडरमल : व्यक्तित्व और कर्तृत्व | 11–00 |
| 12. | सिद्धचक्र विधान | 9–00 |
| 13. | जिनवरस्य नयचक्रम (हिन्दी) साधारण | 4–00 |
| 14. | क्रमबद्धपर्याय (हिन्दी, गुजराती, मराठी, कन्नड़, तमिल) साधारण | 5–00 |
| 15. | धर्म के दशलक्षण (हि०, गु०, म०, क०, त०, अं०) साधारण | 4–00 |
| 16 | तीर्थंकर महावीर और उनका सर्वोदयतीर्थ(हि०गु०म०क०अं०)साधारण | 6–00 |
| 17. | सत्य की खोज (कथानक) (हि०गु०म०क०त०) साधारण | 6–00 |
| 18 | प्रवचनसार | 16–00 |
| 19. | युगपुरुष श्री कानजी स्वामी (हि०गु०म०क० तमिल) | 2–00 |
| 20. | परमार्थवचनिका प्रवचन | 1–00 |
| 21. | अद्वितीय चक्षु | 1–00 |
| 22 | लघु जैन सिद्धांत प्रवेशिका | 1–00 |
| 23. | छहढाला (सचित्र) | 3–00 |
| 24. | चौसठ ऋद्धि विधान | 2–50 |
| 25. | वीतराग-विज्ञान प्रशिक्षण निर्देशिका | 4–00 |
| 26. | तीर्थंकर भगवान महावीर (हि०, गु०, म०, क०, असमी०, ते०, अं०) | 0–50 |
| 27. | वीतरागी व्यक्तित्व : भगवान महावीर (हिन्दी, गुजराती) | 0–25 |
| 28. | गोम्मटेश्वर बाहुबली | 0–40 |
| 29. | चैतन्य चमत्कार | 1–00 |
| 30. | वीर हिमांचल तैं निकसी | 1–00 |
| 31. | चिद्विलास | 2–50 |
| 32. | मैं कौन हूं ? | 1–25 |
| 33. | बालबोध पाठमाला भाग 1, 2 व 3 (सम्पूर्ण सैट) | 2–70 |
| 34. | वीतराग-विज्ञान पाठमाला भाग 1, 2 व 3 (सम्पूर्ण सैट) | 3–50 |
| 35. | तत्वज्ञान पाठमाला भाग 1 व 2 | 2–65 |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# Our English Publications

| | |
|---|---|
| 1. Balbodh Pathmala Part I | 1.50 |
| 2. Balbodh Pathmala Part II | 2.00 |
| 3. Balbodh Pathmala Part III | 2.00 |
| 4. Vitrag-Vigyan Pathmala Part I | 2.00 |
| 5. Vitrag-Vigyan Pathmala Part II | 2.50 |
| 6. Vitrag-Vigyan Pathmala Part III | 3.50 |
| 7. Tatwa-Gyan Pathmala Part I | 3.00 |
| 8. Tatwa-Gyan Pathmala Part II | 3.00 |
| 9. Tirthankar Bhagwan Mahaveer and his Sarvoday Tirth | 12.00 |
| 10. Dharam Ke Dash Lakshan | 12.00 |
| 11. Know Thyself | 1.00 |
| 12. Tirthankar Bhagwan Mahaveer | 1.00 |
| 13. Non-violance in the light of Mahaveer | 2.00 |
| 15. Krambaddha Paryay | 8.00 |

Please inform us of any errors on rajesh@AtmaDharma.com